## મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા ટ્રાન્સફરઓફ ટેકનોલોજી અંતર્ગત દાહોદ જિલ્લાના ધાનપુર-કોઠારિયા ગામે ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ અને દાહોદ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા તાજેતરમાં દાહોદ જિલ્લાના ઉંડાણ વાળા વિસ્તાર એવા ધાનપુર-કોઠારિયા ગામે ટ્રાન્સફરઓફ ટેકનોલોજી યોજના હેઠળ તા.૨૪/૦૭/૧૮ના રોજ તાલીમ શિબિર યોજાઇ હતી.

ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજનાના ભાગરૂપે આયોજીત ધાનપુર કોથારિયા ગામે યોજાયેલ તાલીમમાં આદિવાસી વિસ્તારના અંદાજીત ૫૦ ખેડૂત ભાઇ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડો.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પ્લા.બ્રીડીંગ),એ મકાઇની મુલ્ય વર્ધિત જાતો અંગેની ઉંડાણપૂર્વક માહિતી સમજાવી હતી અને એકમ ક્ષેત્રફળમાં અધુ નફો કઇ રીતે લઇ શકાય તે અંગે માહિતી આપેલા હતી અને મકાઇ પાક્માં હાઇબ્રીડ બીજ વૃધ્ધી કાર્યક્રમ અંગે વાવેતર,રોગિંગ,નોંધણી,પેકીંગ વગેરે અંગેની માહિતી આપી હતી.

પ્રો. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રીએ મકાઇના પાક માટે જમીનની તૈયારી, વાવેતર પધ્ધતિ,રાસાયણિક ખાતર,નીંદણનાશક દવાના વપરાશ અને જૈવિક ખાતરના વપરાશ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ માટેની તાંત્રિકતાઓ વિગતવાર સમજાવેલ હતી અને બે ફૂટના ગાળે મકાઇ વાવવા માટે ભાર મૂકયો હતો તથા પાકને નિંદામણ મુકત રાખવા જણાવેલ હતું. તથા બાયોફર્ટીલાઇઝરનો ઉપયોગ કરી, રાસાયણિક ખાતરની બચત કરી ખેતી ખર્ચ ઘટાડવા અનુરોધ કરેલ હતો. ડાં.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કિટક્શાસ્ત્ર)એ મકાઇમાં રોગ અને જીવાતનું નિયંત્રણ અંગે માહિતી આપેલ હતી

ડાં. ભરતભાઇ ઠક્કરએ પ્રથમ હરોળના નિદર્શનના હેતુ,પાયની બાબતો, અમલ, ફાયદા, ધ્યાનમાં રાખવાની બાબતો અને મકાઇની ટેકાનોલોજી અંગેની માહિતી આપી હતી અને ખેડુતોની મુશ્કેલીઓનુ નિવારણ કરેલ હતુ. .

અંતમાં ખેડુતના મકાઇના ખેતરમાં બધાજ ખેડુતભાઇઓ અને વૈજ્ઞાનિકોએ મુલાકાત લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરાના ડાં. ભરતભાઇ ઠક્કરએ કરેલ હતું

